# ઊંઝા પાસે ગોઝારો અકસ્માત : ૭ના મોત

## અમદાવાદના નિકોલના બે સગાભાઈ સહિત સાતના ઘટનાસ્થળે જ મોત

મહેસાણા, તા. ૧૭
આજે વહેલી સવારે મહેસાણા-ઊંઝા વચ્ચે ફોરલેન હાઈવે પર કાર નં. જીજે-૧.એચ.કે.-૮૨૦૪માં અમદાવાદથી પાલનપુર તરફ જઈ રહ્યા હતા ત્યારે માર્ગમાં વ્યક્તિઓને ગંભીર ઈજાઓ પહોંચી હતી. આ અકસ્માતમાં કારનો કચ્ચરઘાણ નીકળી ગયો આર.જે.૧૯-પી.બી.૭૦૦૧ લક્ષ્મી ટ્રાવેલ્સની રાજસ્થાનના જોધપુરની હોવાનું જાણવા મળેલ છે. આ બસ અધિકારીના દિકરા), આદિત્ય જયેશભાઈ પટેલ (અમદાવાદ)ની ઓળખ થઈ શકી છે. જ્યારે અન્ય





મોટીદાઉના પાટીયા નજીક રાજસ્થાનની ખાનગી લકઝરી બસ અને કાર વચ્ચે ગોઝારો અકસ્માત સર્જાતા કારચાલક સહિત સાત વ્યક્તિઓના ઘટનાસ્થળે જ કરૂણ મોત નિપજ્યા હતા. જ્યારે એક બે વ્યક્તિઓને ઈજાઓ થઈ હતી.

વિગત એવી છે કે, અમદાવાદના નિકોલ વિસ્તારમાં રહેતા કેટલાક વ્યક્તિઓ મિત્રો સાથે વહેલી પરોઢના સમયે મહેસાણાથી ઊંઝા તરફના હાઈવે પર મોટી દાઉના પાટીયા પાસે પુરઝડપે આવતી લક્ષ્મી ટ્રાવેલ્સ નામની રાજસ્થાનની ખાનગી લકઝરી બસે પાછળથી જોરદાર ટક્કર મારી હતી. જેથી આ ગમખ્વાર અકસ્માતમાં કારચાલક સહિત સાત વ્યક્તિઓના ઘટનાસ્થળ પર જ કરૂણ મોત નિપજ્યા હતા. જ્યારે એક બે હતો. અકસ્માતની જાણ થતાં મહેસાણા તાલુકા પોલીસ ઘટનાસ્થળે દોડી આવી હતી અને ક્રેઈનની મદદથી અકસ્માતગ્રસ્ત બે વાહનોને જુદા પાડ્યા હતા. બાદ કારના બોનેટ, પતરા તોડીને મૃતદેહો બહાર કાઢ્યા હતા. અકસ્માત બાદ લકઝરી બસનો ચાલક ફરાર થઈ ગયો હતો. અકસ્માત સર્જનાર ખાનગી લકઝરી બસ નં. જોધપુર તરફ જઈ રહી હતી. આ અકસ્માતને પગલે સમગ્ર વિસ્તારમાં ભારે અરેરાટી ફેલાઈ ગઈ હતી.

મૃતકોમાં બ્રિજેશ સંજયભાઈ કાકડીયા નિકોલ અમદાવાદ, ગોપાલ સંજયભાઈ કાકડીયા નિકોલ અમદાવાદ, મોનાંગ કિશોરભાઈ મદવાણી (માંડવા-ભાવનગર), દિવ્યપાલસિંહ જોરૂભા ઝાલા (અમદાવાદ જિલ્લાના એક પોલીસ બે વ્યક્તિઓની હજી ઓળખ થઈ નથી. દરમિયાન મૃતકોના પરિવારજનોને અકસ્માતની જાણ થતાં તેઓ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને તેઓના હૈયાફાટ રૂદનથી શોકની કાલિમા છવાઈ હતી.

આ બનાવ અંગે મહેસાણા તાલુકા પોલીસે લકઝરી બસના ચાલક વિરૂદ્ધ અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# મોડાસા-ધનસુરા વિધાનસભામાં ભાજપનો વિકાસ જાતિવાદ તરફ ફંટાયો

## ક્ષત્રિય ઉમેદવાર ભીખુસિંહને કમાન સોંપાઈ : કોંગ્રેસના રાજેન્દ્રસિંહ સામે ક્ષત્રિય ઉમેદવાર ભાજપે ઉતારતા કાંટે કી ટક્કર

મોડાસા, તા. ૧૭
આગામી ડિસેમ્બર મહિનામાં યોજાનારી વિધાનસભાની ચૂંટણીમાં સત્તા મેળવવા ભાજપ અને કોંગ્રેસ પક્ષ દ્વારા એડીચોટીનું જોર લગાવામાં આવી રહ્યું છે. તદુપરાંત વિધાનસભાની બેઠક પર વિજેતા નીવડી શકે તેવા ઉમેદવારની પસંદગી કરવામાં આવી રહી છે. વડાપ્રધાન મોદીના પરિપત્રમાં ઉમેદવારોની પસંદગી માટે ભારે મથામણ પછી ભાજપ પક્ષ દ્વારા જાહેર કરાયેલી ઉમેદવારોની યાદીમાં મોડાસા-ધનસુરા વિધાનસભા બેઠક માટે ૪૩ ઉમેદવારોએ ટિકિટ માંગી હતી ત્યારે જાતિગત સમીકરણોને ધ્યાને રાખી આખરે મોડાસાના ચારણવાડા ગામના ક્ષત્રિય-ઠાકોર સમાજમાંથી અગ્રણી અને અગાઉ કોંગ્રેસ પક્ષમાં પાયાના કાર્યકર




જાતિવાદના બદલે ભાજપને વોટ આપવા મતદારોને અપીલ બીજી બાજુ મોડાસા વિધાનસભામાં જાતિવાદ સમીકરણ ધ્યાને રાખી ક્ષત્રિય ઉમેદવારની પસંદગી કરવામાં આવતા મોડાસા-ધનસુરા વિધાનસભાની બેઠક માટે ભાજપ કયો ચહેરો અને કયા સમાજને પ્રાધાન્ય આપે છે બનેલી ટોક ઓફ ધી ટાઉનની ચર્ચાનો શુક્રવારે અંત આવ્યો હતો. મોડાસા ખાતે આવેલા જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે મોડાસા-ધનસુરા અને ભિલોડા-મેઘરજ વિધાનસભા બેઠકના મુરતિયાઓ પહોંચતા મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહી શુભેચ્છા પાઠવી હતી અને જિલ્લાની ત્રણે બેઠકો પર કમળ ખીલવવાનો નીર્ધાર કર્યો હતો.

અરવલ્લી જિલ્લાની ત્રણ વિધાનસભા બેઠકો પર ૨૦૧૨ની વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસના ઉમેદવારો જંગી બહુમતીથી વિજય નીવડ્યા હતા ત્યારે જિલ્લાની ત્રણ બેઠકો માટે ભાજપ પક્ષે તરીકે અને અગ્રણી વિધાનસભાના દાવેદાર હોવા છતાં ટિકિટથી વંચિત રાખતા વિધાનસભા ૨૦૦૭માં અપક્ષ તરીકે વિધાનસભાની ચૂંટણી જંગમાં જંપલાવનાર અને હારનો સામનો કરવો પડતા ભાજપ પક્ષમાં જોડાયેલા ભીખુસિંહ ચતુરસિંહ પરમાર પર ભાજપ મોવડી મંડળે પસંદગી ઉતારતા મોડાસા-ધનસુરા વિધાનસભા બેઠક પર કોંગ્રેસના નક્કી ઉમેદવાર ગણાતા અને ૨૦૧૨માં ભાજપના સીટિંગ ધારાસભ્યને જંગી બહુમતીથી હરાવનાર ક્ષત્રિય-ઠાકોર સમાજના રાજેન્દ્રસિંહ ઠાકોર સમાજના ઉમેદવાર વચ્ચે કાંટે કી ટક્કર જામશે.

ભિલોડા-મેઘરજ વિધાનસભા બેઠક પર અપેક્ષા મુજબ છોટા ઉદેપુરના એસ.પી.ના પદ પરથી રાજીનામુ આપનાર પી.સી.બરંડાને ટિકિટ ફાળવાતા સતત ત્રણ ટર્મથી કોંગ્રેસના વિજેતા ઉમેદવાર અનિલ જોષીયારા વચ્ચે ખરાખરીનો જંગ જામશે તેવું રાજકીય વિશ્લેષકોનું માનવું છે.



## ખેડબ્રહ્મા તાલુકા પંચાયત કારોબારી ચેરમેનની કેબીન પાસે જ બાળ મજૂર


ખેડબ્રહ્મા તાલુકા પંચાયત કમ્પાઉન્ડમાં ઓફિસ આગળ રોજ એક બાળક બુટ પોલીસ કરવા માટે આવી જાય છે. તે અધિકારીઓ તથા પદાધિકારીઓના બુટ પોલીસ કરે છે. પરંતુ કોઈને બાળ મજૂરી દેખાતી નથી જાણે બાળ મજૂરીને પ્રોત્સાહિત કરતા હોય તેવું લાગી રહ્યું છે.

# મોડાસાના આશાસ્પદ વિદ્યાર્થીનું મહેસાણા પાસે અકસ્માતમાં મોત

મોડાસા, તા. ૧૭
મહેસાણાના મોટી દાઉ નજીક શુક્રવાર વહેલી સવારે લકઝરી બસ અને કાર વચ્ચે ગમખ્વાર અકસ્માત થતા કાર ચાલક સહીત ૭ લોકોનું ઘટનાસ્થળે કામકતી ભર્યું મોત નીપજ્યું હતું. આ કમનસીબ મૃતકોમાં મોડાસાના અને ગાંધીનગર ખાતે પંડિત દિનદયાલ પેટ્રોલિયમ યુનિવર્સીટીમાં અભ્યાસ કરતા આદિત્ય જયેશભાઈ પટેલનું મોત નિપજતા પરિવારજનો આઘાતમાં સરી પડ્યા હતા તેમજ અન્ય એક મૃતક ઝાલા યુવાનના પિતા પણ મોડાસામાં પી.આઈ તરીકે ફરજ નિભાવતા હતા જેથી બંને મૃતક યુવકોના મોતથી નગરજનોમાં ભારે શોકની લાગણી પ્રવર્તી હતી.


મોડાસા શહેરના પરબડી વિસ્તારમાં ઘી નો છૂટક અને જથ્થાબંધ વેપાર કરતા જયેશભાઈ પટેલનો યુવાન દીકરો આદિત્ય અભ્યાસ કરતો હતો. મિત્રના જન્મદિવસની ઉજવણીમાં મિત્રો





સાથે ઉજવણી કરવા અને હોટલમાં ભોજન કરવા જતા હતા ત્યારે જન્મદિવસની ઉજવણી વિદ્યાર્થીઓ માટે યમરાજાની સવારી બનતા મહેસાણા-અમદાવાદ હાઈવે પર કારનું ટાયર ફાટતા કાર ચાલકે કાર પરથી કાબુ ગુમાવતા કાર લકઝરી બસના પાછળના ભાગે ઘુસી જતા કારચાલક સહીત ૭ યુવાનોના યુવકના મોબાઈલના આધારે તેના પરિવારજનોને જાણ કરાતા પરિવારજનોમાં ભારે આક્રંદ છવાયું હતું અને મૃતક યુવાનોના પરિવારજનો અને સગા-સબંધીઓ યુવાનના મૃતદેહને લેવા મહેસાણા જવા નીકળ્યા હતા. આજ અકસ્માતમાં મોડાસા પોલીસ સ્ટેશનમાં પી.આઈ. તરીકે અગાઉ ફરજ બજાવતા ઝાલાના પુત્રએ પણ જાન ગુમાવ્યો હતો. આદિત્ય પટેલ નામના આશાસ્પદ યુવાનનું મોત નિપજતા મોડાસા શહેરમાં ગમગીની છવાયી હતી.






## મતદાર જાગૃતિ માટે બનાસકાંઠા જિલ્લામાં હાથ ધરાયેલ વ્યાપક પ્રયાસો

વિધાનસભાની સામાન્ય ચૂંટણી-૨૦૧૭ અન્વયે બનાસકાંઠા જીલ્લામાં મતદારો વિક્રમજનક મતદાન કરે તે માટે જીલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર બનાસકાંઠા આર.જે. માકડીયાની સુચના અને માર્ગદર્શન અનુસાર મતદાર જાગૃતિ માટે સમગ્ર જીલ્લામાં વ્યાપક પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. જિલ્લાભરમાં વીવીપેટની જાણકારી માટે સુદ્રઢ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. કલેકટર કચેરી પાલનપુર ખાતે તેમજ દરેક મતદાર વિભાગમાં સમાવિષ્ટ તમામ તાલુકાવાર મામલતદાર કચેરી ખાતે મોક પોલીંગ સ્ટેશન બનાવાયા છે. જેમાં વીવીપેટ વિશે વિસ્તૃત જાણકારી આપવામાં આવે છે. જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર માકડીયા સહીત અધિકારીઓ દ્વારા વીવીપેટ નિદર્શનથી જિલ્લામાં મતદારોને વીવીપેટ વિશે વિસ્તૃત જાણકારી આપવામાં આવે છે. તેમજ અક્ષમ, અશક્ત અને સિનિયર સિટીઝન મતદારો માટે પણ ખાસ સુવિધા કરવામાં આવી છે. પરિણામે મતદારોમાં આનંદ અને સંતોષની લાગણી જોવા મળે છે. મતદાર જાગૃતિ માટે સ્વીપ અંતર્ગત હોર્ડીંગ્સ, રેલીઓ, ભીંતસૂત્રો લેખન કાર્યક્રમ, સંકલ્પપત્રોનું વિતરણ સહીત વિશાળ પાયે વિવિધ કાર્યક્રમો જિલ્લામાં યોજવામાં આવે છે. મતદાર જાગૃતિ માટે શાળાના વિધાર્થીઓ મારફત તેમના વાલીઓને સંકલ્પપત્રો મોકલવામાં આવ્યા હતા. વિધાર્થીઓએ પોતાના માતા-પિતાને પ્રેમ અને આગ્રહપૂર્વક મતદાન માટે સમજાવતાં ૨.૭૦ લાખથી વધુ માતા-પિતાઓએ મતદાન કરવા સંકલ્પ લઈ સંકલ્પપત્રમાં હસ્તાક્ષર કરી શાળાઓને પરત કર્યા હતા.

# સલાલ ખાતે કોંગ્રેસ દ્વારા ડોર ટુ ડોર પ્રચારનો ધમધમાટ

## ખુદ ધારાસભ્ય આમ આદમી સુધી પહોચ્યાં : ઢોલ-નગારાં સાથે ડોર ટુ ડોર પ્રચાર : મતદારો દ્વારા ઠેર- ઠેર આવકાર

પ્રાંતિજ, તા.૧૭
સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ તાલુકાનાં સલાલ ખાતે આજે કોંગ્રેસ સમિતિ દ્વારા ડોર ટુ ડોર પ્રચાર કરવામાં આવ્યો હતો. જેમાં કોંગ્રેસ આગેવાનો, પ્રદાઅધિકારીઓ, કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં અને ઢોલ નગારા સાથે ચૂંટણી પ્રચાર હાથ ધરવામાં આવ્યો હતો.

સલાલ ખાતે ૨૦૧૭ની વિધાનસભાની ચૂંટણીને લઈને કોંગ્રેસ દ્વારા પ્રચારનો ધમધમાટ દોર શરૂ થઈ ગયો છે ત્યારે આજે ઢોલનગારા સાથે કોંગ્રેસ કાર્યકરો આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં અને ડોર ટુ ડોર આમ આદમી સુધી પહોચ્યા હતાં અને મતદારોને મલી કોંગ્રેસને મત



આપવા અપીલ કરવામાં આવી હતી. પ્રાંતિજ-તલોદના કોંગ્રેસના ચાલુ ધારાસભ્ય અને કોંગ્રેસ દ્વારા ફરી રીપીટ કરવામાં આવેલ મહેન્દ્રસિંહ બારૈયાનુ શ્રીફળ તથા શાલ ઓઢાડીને ઠેર-ઠેર સ્વાગત થયું હતું. તો જિલ્લા કોંગ્રેસ પ્રમુખ મણિભાઈ પટેલ, તાલુકા પ્રમુખ દક્ષાબેન રાઠોડ, જિલ્લા સદસ્ય મિલ્કતસિંહ, શહેર પ્રમુખ અમરીશભાઈ પટેલ, તાલુકા પ્રમુખ નરેન્દ્રભાઈ પટેલ, બીપીનભાઈ પટેલ, સુરેશભાઈ પટેલ, વિષ્ણુભાઈ પટેલ કોંગ્રેસ કાર્યકરો આગેવાનો મોટી સંખ્યામાં ચૂંટણી પ્રચારમાં જોડાયાં હતાં તો મતદારોએ કોંગ્રેસના ઉમેદવાર મહેન્દ્રસિંહને ઠેર ઠેર આવકાર્યા હતા.



## બનાસકાંઠા જિલ્લા કોંગ્રેસ માલધારી સેલના પ્રમુખ તરીકે શંભુભાઈ દેસાઈ

ડીસા, તા. ૧૭
ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ ભરતસિંહ સોલંકીની મંજુરીથી ગુજરાત પ્રદેશ માલધારી સેલ દ્વારા બનાસકાંઠા જિલ્લા કોંગ્રેસ માલધારી સેલના પ્રમુખ તરીકે શંભુભાઈ સરતાનભાઈ દેસાઈ (ડીસા)ની નિમણુંક કરવામાં આવી છે. શંભુભાઈ ગુજરાતની અનેકવિધ સામાજીક, શૈક્ષણિક સંસ્થાઓ તથા ગુજરાત એસ.સી.-એસ.ટી.-ઓ.બી.સી. અધિકાર સંઘ ગુજરાતના મહામંત્રી તરીકે સક્રીય સેવાઓ આપી રહ્યા છે.

## ડીસાના કંસારી ગામની યુવતી પર મધ્યપ્રદેશમાં સામૂહિક દુષ્કર્મ

ડીસા, તા. ૧૭
બનાસકાંઠાના ડીસા તાલુકાના કંસારી ગામની એક મહિલા સાથે સામુહિક દુષ્કર્મ આચરવામાં આવ્યું હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે.. આ મહિલાના અગાઉ લગ્ન થયેલા હતા અને તેના છૂટાછેડા બાદ મહિલાના અન્યત્ર લગ્ન કરાવવાના ઈરાદે તેણીને અલગ અલગ સ્થળે લઈ જઈ તેણી પર સામુહિક દુષ્કર્મ આચરાયું છે. આ ચોંકાવનારી ઘટના બાદ પીડિત મહિલાએ ડીસા શહેર ઉત્તર પોલીસ સ્ટેશનમાં ૭ લોકો સામે ફરિયાદ નોંધાવી છે.

ડીસા તાલુકાના કંસારી ગામની એક ૨૪ વર્ષીય મહિલાના અગાઉ લગ્ન થયેલા હતા.. પરંતુ પતિ સાથે મનમેળ ન આવતાં આ મહિલા તેના પિયરમાં રહેતી હતી.જોકે આ મહિલાને સામાજિક રીત રીવાજ મુજબ સમજાવીને પતિને ત્યાં પરત મોકલી દેવામાં આવતી હતી.. તે દરમ્યાન મહિલાના સબંધમાં બાપુ થતા રાજસ્થાનના સાંચોર નજીકના પાંચલા ગામના માલારામ વગડાએ આ મહિલાના અન્યત્ર લગ્ન કરાવી આપવાની વાત કરી હતી. અને સાંચોરના પ્રતાપપુરા ગામના ડુંગરારામ ચૌધરીનો લગ્ન માટે ફોન આવે તો વાત કરવા જણાવ્યું હતું.. બાદમાં મહિલાએ પોતાના બાપુના જણાવ્યાનુસાર ડુંગરારામ ચૌધરી સાથે વાત કરતા તેણે આ મહિલાને ડીસા મળવાનું આવવાનું જણાવ્યું હતું.

## હા, સાહેબ...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

"ભાજપ વિચાર આધારીત પક્ષ છે અને કોંગ્રેસ વ્યક્તિ આધારીત પક્ષ છે..! વંશવાદ સામે વિકાસવાદની સ્પર્ધા છે..!!"

"... રહેવા દો હવે..! ભાષણો તો ખુબ સાંભળ્યા છે તમારા..! પ્રવચનો અને વચનોની ભરમાળ તમારી ખુબ સાંભળી છે..! પણ હવે પ્રજાને જોઈએ છે નક્કર વાસ્તવિકતા..! બધા જ રાજકીય પક્ષો સોનેરી સ્વપ્ના દેખાડી પ્રજાને છેતરે છે અને પોતાનેય છેતરે છે ત્યારે..."

"... ત્યારે આપણે સૌએ વચનોની ભરમારની વચ્ચે ઓછા દોષવાળા ઉમેદવાર અને ઓછી દોષિત પાર્ટીને ક્રમશઃ પસંદ કરી લોકશાહીને મજબુત કરીએ..!"

- નિમિત્ત માત્ર

## યાદી જાહેર

● અનુસંધાન પહેલાનું ચાલુ

છે. ભાજપે આ વખતે ટિકિટ ફાળવણીને લઈને વધુ સાવધાની રાખી છે. જો કે, પાટીદાર બહુમતિવાળા વિસ્તારોમાં ઉમેદવારોના નામ જાહેર કરાયા નથી. ૭૦ લોકોની યાદીમાં ભાજપે પોતાના ૪૯ ધારાસભ્યોને ફરી તક આપી દીધી છે.

વિજય રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ જેવી વીઆઈપી સીટો બદલવામાં આવી નથી. વિજય રૂપાણી રાજકોટ પશ્ચિમમાંથી અને નીતિન પટેલ મહેસાણામાંથી ચૂંટણી લડશે. ભાજપની આ યાદીમાં ૧૩ પાટીદાર ઉમેદવારોને પણ તક આપવામાં આવી છે. આ ઉપરાંત કોંગ્રેસમાંથી રાજીનામુ આપીને ભાજપમાં સામેલ થયેલા પાંચ નેતાઓને ટિકિટ આપવામાં આવી છે. આ ધારાસભ્યો એવા છે જે કોંગ્રેસમાંથી રાજીનામુ આપી ચુક્યા છે. ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં આ વખતે ભાજપ સામે કેટલાક પડકારો રહેલા છે. હાર્દિક પટેલના નેતૃત્વમાં ચાલી રહેલા પાટીદાર આંદોલન, જીગ્નેશ મેવાણીના નેતૃત્વમાં દલિત આંદોલન અને અલ્પેશ ઠાકોરના નેતૃત્વમાં ઓબીસી જાતિગત ઘેરાબંધી વચ્ચે આ ચૂંટણી રોચક બની ગઈ છે. પાર્ટીમાં સાવચેતી દેખાઈ રહી છે. પહેલી યાદીમાં ૧૩ પાટીદારોને ટિકિટ મળવાની બાબત સ્પષ્ટ ઈશારો કરે છે. બીજી બાજુ ભાજપે વઢવાણ વિધાનસભા સીટ પરથી પોતાની બે વખતની ધારાસભ્યની ટિકિટ કાપીને તેની જગ્યાએ પાટીદાર નેતા ધનજીભાઈ પટેલને ટિકિટ આપી છે. ઉમેદવારોની યાદી આજે જાહેર કરવામાં આવ્યા બાદ આગામી યાદી ઉપર હવે કેન્દ્રિત થઈ ગઈ છે.

## ડેમેજ કંટ્રોલ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મોવડીઓનુ પણ જિલ્લાની બેઠકો તરફ વિશેષ ધ્યાન કેન્દ્રીત થયુ છે. આવા સંજોગોમાં ભાજપમાં પણ ટીકીટ ફાળવણીના અંતે રાજકીય અસંતોષ ઉભો થાય તેવી શક્યતા છે. પક્ષને પેનલમાં રજુ કરાયેલા નામો સિવાય નવા ઉમેદવારોને ટીકીટ ફાળવવામાં આવે તેવી સંભાવના પણ ચર્ચા સ્થાને છે. એપક્ષિત ઉમેદવારોને ટીકીટ ન આપવામાં આવે તેવા સંજોગોમાં ભાજપમાં ભડકો થવાની સંભાવના છે. જેને ધ્યાને લઈ ભાજપન રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે ગઈકાલે કમલમાં યોજાયેલી બેઠક દરમિયાન ડેમેજ કંટ્રોલ માટે આગોતરી તૈયારી રાખવા પણ જિલ્લા ભાજપના નેતાઓને સુચના આપી દીધી છે.

## નિયુક્ત કરાયા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સનદી અધિકારી છે. મૂળ તામિલનાડુના વતની મહાવીરનાન્ પી.એ સિનીયર સનદી અધિકારી છે.

જ્યારે ગાંધીનગર (દ) અને દહેગામ બેઠક માટે મહારાષ્ટ્ર કેડરના અરૂણ ઉનહલેની નિયુક્તી કરવામાં આવી છે. તેઓ પણ ૨૦૦૪ની બેચના સનદી અધિકારી છે.

જિલ્લામાં આ અગાઉ બે ખર્ચ નિયંત્રણ માટેના નિરીક્ષકોની નિયુક્તી કરવામાં આવી હતી. પંચ દ્વારા આજે જનરલ ઓબ્ઝર્વરની નિમણુંકના હુકમો કરી દેવાયા છે.

## રેટિંગમાં સુધારો

● અનુસંધાન પહેલાનું ચાલુ

આ પહેલા વર્લ્ડ બેંકે પણ ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસની યાદીમાં ભારતને વધારે મહત્વ આપ્યુ હતુ. આ યાદીમાં ભારત ૧૩૦માં ક્રમથી કુદીને ૧૦૦માં નંબરે પહોંચી જતા મોદીએ રાહત અનુભવી હતી. આગામી દિવસોમાં મોદી સરકારને આંકડા વધારે સારી રીતે રજૂ કરવામાં મદદ મળી શકે છે. ટિંકા ટિપ્પણી વચ્ચે ચોક્કસપણે રાહત થઈ છે.